ઈરાનના સુપ્રીમ લીડર અલી ખામેનેઈની મશહદમાં દફનવિધિ

જનાઝો લઇને મશહદ આવેલા વિમાનને ફાઇટર જેટ વડે એસ્કોર્ટ કરાયું

શબપેટીઓ મશહદ લાવતા પહેલા ઇરાકના પવિત્ર સ્થળોએ લઇ જવાઇ, જ્યાં મોટી સંખ્યામાં સ્થાનિક લોકો ઉમટી પડ્યા

મશહદ શહેરમાં ટ્રમ્પને મારી નાખવાની હાકલ કરતા બેનરો દેખાયા

તેહરાન, મશહદ, તા. ૯: ઈરાનના સુપ્રીમ લીડરની વેબસાઈટ દ્વારા જાહેર કરવામાં આવેલા ફૂટેજ અનુસાર, ગુરુવારે ઈરાનના એક ફાઈટર જેટે દિવંગત સુપ્રીમ લીડર અલી ખામેનેઈના શબપેટીને લઈ જઈ રહેલા વિમાનને પૂર્વના પવિત્ર શહેર મશહદ સુધી એસ્કોર્ટ કર્યું હતું, જ્યાં ઈમામ રઝા દરગાહ ખાતે તેમની દફનવિધિનો કાર્યક્રમ છે.

ખામેનેઈની શબપેટી શહીદ હાશેમીનેજાદ એરપોર્ટ પર પહોંચી હતી અને તેને ફેબ્રુઆરી ૨૮ના રોજ અમેરિકા-ઈઝરાયેલના સંયુક્ત હવાઈ હુમલામાં માર્યા ગયેલા તેમના પરિવારના સભ્યોના મૃતદેહો સાથે લાવવામાં આવી હતી. જેમાં તેમની પુત્રી સૈયદા બુશરા ખામેનેઈ, તેમના જમાઈ મેસ્બાહ અલ હુદા બાઘેરી કાની, તેમના પુત્રવધૂ ઝહરા હદાદ અદેલ, તેમની નાની પૌત્રી ઝહરા મોહમ્મદ ગોલપાયેગાની અને તેમના પત્ની મન્સૂરેહ ખોજસ્તેહ બાઘેરઝાદેહનો સમાવેશ થાય છે, જેમનું આ હુમલાના એક દિવસ પછી કોમામાં મૃત્યુ થયું હતું. મશહદ શહેરમાં અનેક સ્થળે અમે ટ્રમ્પને મારી નાખીશું એવા લખાણ ધરાવતા બેનરો પણ જોવા મળ્યા હતા.

મશહદ પહોંચતા પહેલા, આ શબપેટીઓએ ઈરાકનો પ્રવાસ કર્યો હતો, જ્યાં છ દિવસની અંતિમયાત્રાના ભાગરૂપે નજફ અને કરબલા જેવા પવિત્ર શહેરોમાં યોજાયેલી અંતિમયાત્રામાં વિશાળ જનમેદની ઉમટી પડી હતી.

શિયા મુસ્લિમોના બે અત્યંત પવિત્ર સ્થળો કરબલા અને નજફે-અશરફમાં અંતિમ યાત્રા ફેરવવામાં આવી હતી જ્યાં ઈરાકના લોકો, ખાસ કરીને સ્થાનિક શિયા સમુદાયના લોકો મોટા પ્રમાણમાં ઉમટી પડ્યા હતા.

મેટાનું નવું ડેટા સેન્ટર ૮ લાખ ઘરોને થઈ રહે તેટલી વીજળી વાપરી નાખશે!

કેનેડાના આલ્બર્ટામાં મેટા કંપની ૧૩ અબજ ડોલરના ખર્ચે ડેટા સેન્ટર બનાવી રહી છે, વૈશ્વિક સ્તરે આ તેનું ૩૩મુ ડેટા સેન્ટર હશે

ટોરેન્ટો, તા. ૯: મેટા કંપની એઆઈ પર વધુ એક મોટો દાવ લગાવી રહી છે, આ વખતે કેનેડામાં એક નવું ડેટા સેન્ટર સ્થાપી રહી છે જે એ વાત પર પણ પ્રકાશ પાડે છે કે એઆઈના આજના સમયમાં કેટલા મોટા પ્રમાણમાં વીજળીની જરૂરિયાત ઊભી થઈ છે. કંપનીએ આલ્બર્ટામાં 13 અબજ કેનેડિયન ડોલરના ખર્ચે એક ડેટા સેન્ટર બનાવવાની યોજનાની જાહેરાત કરી છે, જે લગભગ ૪ લાખ ઘરો જેટલી વીજળીનો વપરાશ કરશે!

રોઇટર્સે અહેવાલ આપ્યો છે કે આ પ્રોજેક્ટ કેનેડામાં મેટાનું પ્રથમ અને વૈશ્વિક સ્તરે તેનું 33મું ડેટા સેન્ટર હશે. આ ફેસિલીટી સ્ટર્જન કાઉન્ટીમાં 1 ગીગાવોટની પ્રારંભિક ક્ષમતા સાથે બનાવવામાં આવશે, જેને આગામી સમયમાં AI કમ્પ્યુટિંગની માંગ વધવાની સાથે 1.8 ગીગાવોટ સુધી વધારી શકાશે. આ જાહેરાત એવા સમયે આવી છે જ્યારે મેટા AI ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં અબજો ડોલર ઠાલવી રહી છે. કંપની અદ્યતન AI મોડલ્સને તાલીમ આપવા અને ચલાવવા માટે તેની કમ્પ્યુટિંગ ક્ષમતાનો ઝડપથી વિસ્તાર કરી રહી છે, અને તે અન્ય ટેક્નોલોજી દિગ્ગજો સાથે જોડાઈ રહી છે જે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની આગામી પેઢીને સપોર્ટ કરવા માટે મોટા ડેટા સેન્ટર્સ બનાવવાની રેસમાં છે. હાલમાં ડેટા સેન્ટરો દ્વારા વીજળીનો વપરાશ એ એક મોટી ચર્ચાનો વિષય છે.

રામ મંદિર વિવાદ: દાનના નાણા વ્યાજે અપાયા, શેરબજારમાં રોકાયા

પૂછપરછમાં બે આરોપીઓએ આ વાત કબૂલી હોવાનું જણાવતા સૂત્રો

ત્રણ આરોપીઓના સંબંધીઓના ૩૦ ખાતા ફ્રીઝ કરાયા

ચંપત રાય, અનિલ મિશ્રા અને ગોપાલ રાવના વીઆઈપી પાસ જારી કરવાના ડિજિટલ આઇડી નિષ્ક્રિય કરી દેવાયા

અયોધ્યા, તા. ૯(PTI): રામ મંદિરના દાનમાં કથિત ચોરીની તપાસમાં સામે આવ્યું છે કે ઉચાપત કરાયેલા નાણાંનો એક ભાગ કથિત રીતે શેરબજારમાં રોકવામાં આવ્યો હતો અને વ્યાજે આપવામાં આવ્યો હતો, જ્યારે અનેક વ્યવહારો આરોપીઓના સંબંધીઓ અને નજીકના સાથીદારોના બેંક ખાતાઓ દ્વારા કરવામાં આવ્યા હતા, તેમ પોલીસ સૂત્રોએ ગુરુવારે જણાવ્યું હતું. તપાસના ભાગરૂપે, પોલીસ ગુરુવારે સવારે આરોપી અનુકલ્પ મિશ્રાને તેના નિવાસ્થાને લઈ ગઈ હતી અને આશરે ૨૦ મિનિટ સુધી સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. તેના પરિવારના સભ્યોની પણ પૂછપરછ કરવામાં આવી હતી. બુધવારે પોલીસે આવી જ રીતે સહ-આરોપીઓ લવકુશ મિશ્રા અને કરુણેશ પાંડેને તેમના સંબંધિત ઘરે લઈ જઈને ત્યાં પણ તલાશી લીધી હતી. પોલીસે આ ત્રણેય આરોપીઓના સંબંધીઓના ૩૦ બેંક ખાતા સીઝ કરી દીધા છે. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે આ ખાતાઓમાં ખાતાધારકોની આવકના જાણીતા સ્ત્રોતો કરતા વધુ પ્રમાણમાં વ્યવહારો નોંધાયા હતા.

સૂત્રોના જણાવ્યા અનુસાર, ત્રણેય આરોપીઓના નિવાસસ્થાને કરાયેલી તલાશી દરમિયાન રોકડના બંડલ, સોનાના દાગીના અને એક કાર મળી આવી છે. જો કે, પોલીસે કયા આરોપીના ઘરેથી કઈ વસ્તુઓ મળી આવી છે તેની સ્પષ્ટતા કરી નથી. પૂછપરછ દરમિયાન, અનુકલ્પ મિશ્રા અને સહ-આરોપી અવિનાશે કથિત રીતે સ્વીકાર્યું હતું કે ચોરી કરાયેલા દાનના નાણાં શેરબજારમાં રોકવામાં આવ્યા હતા અને વ્યાજે પણ આપવામાં આવ્યા હતા, તેમ સૂત્રોએ જણાવ્યું હતું.

શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટે ભૂતપૂર્વ મહાસચિવ ચંપત રાય, ટ્રસ્ટી અનિલ મિશ્રા અને વિશેષ આમંત્રિત ગોપાલ રાવના ડિજિટલ આઈડી નિષ્ક્રિય કરી દીધા છે, જેનો ઉપયોગ વીઆઈપી દર્શન પાસ ઈશ્યૂ કરવા માટે કરવામાં આવતો હતો, તેમ ગુરુવારે સૂત્રોએ જણાવ્યું હતું. મંદિર પ્રશાસન સાથે સંકળાયેલા સૂત્રોના જણાવ્યા અનુસાર, પ્રિફરેન્શિયલ એન્ટ્રી પાસ ઈશ્યૂ કરવામાં કથિત ગેરરીતિઓ પર અંકુશ મેળવવાના પગલાંના ભાગરૂપે કાર્યકારી મહાસચિવ કૃષ્ણ મોહનના નેતૃત્વ હેઠળના નવા મંદિર પ્રશાસન દ્વારા આ નિર્ણય લેવામાં આવ્યો હતો.

પશ્ચિમ રેલવે
વિવિધ કામગીરી

ડિવિઝનલ રેલવે મેનેજર (WA), પશ્ચિમ રેલવે, છઠ્ઠો માળ, એન્જિનિયરિંગ વિભાગ, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ 400 008 દ્વારા ઈ-ટેન્ડર નોટિસ ક્રમાંક: BCT/26-27/89, તારીખ 07.07.2026 આમંત્રિત કરવામાં આવે છે. કામ અને સ્થળ: (1) જોરાવાસણ ઉકાઈ સોનગઢ - મરોલી, ચલથાણ, મઢી અને ઉકાઈ સોનગઢ ખાતે RGM સાઈડિંગ પ્રદાન કરવી અને (2) ઉકાઈ સોનગઢ લૂપ લાઇન નં. 1ને સુરત તરફ 300 મીટર લંબાવીને સંપૂર્ણ ગુડ્સ લૂપ તરીકે ઉપયોગ કરવા માટે પ્લેટફોર્મની લંબાઈ વધારવા અને TTM સાઈડિંગ પર ટોપ OHEની જોગવાઈ કરવા સંબંધિત ટ્રેકનું કામ. (ઇલેક્ટ્રિકલ ભાગ સહિતનું કમ્પોઝિટ ટેન્ડર). કામની અંદાજિત કિંમત: રૂ. 16,28,90,665.96. EMD (બાનાની રકમ): રૂ. 32,57,800/-. સબમિટ કરવાની તારીખ અને સમય: 31.07.2026ના રોજ 15:00 કલાક સુધી. ટેન્ડર ખોલવાની તારીખ અને સમય: 31.07.2026ના રોજ 15:30 કલાકે. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઇટ www.ireps.gov.inની મુલાકાત લો. 0341

અમને લાઇક કરો: facebook.com/WesternRly

ભારતમાં લોન્ચ થયું સપ્તાહમાં માત્ર એક જ વાર લેવાનું ઈન્સ્યુલિન

ભારતમાં પહેલીવાર બેસલ ઇન્સ્યુલિન લોન્ચ, ડોઝ 40% સુધી સસ્તો થશે

નવી દિલ્હી, તા. 9: ડાયાબિટીસના દર્દીઓ માટે રાહતના સમાચાર છે. ડેનમાર્કની ફાર્માસ્યુટિકલ કંપની નોવો નોર્ડિસ્કે બુધવારે ભારતમાં એવિક્લી (ઈન્સ્યુલિન આઈકોડેક) લોન્ચ કર્યું છે. કંપનીનો દાવો છે કે, આ સપ્તાહમાં એકવાર આપવામાં આવતું બેસલ ઈન્સ્યુલિન છે, જે ટાઈપ-1 અને ટાઈપ-2 ડાયાબિટીસના પુખ્ત દર્દીઓ માટે છે. આના આવવાથી વર્ષમાં દરરોજ લેવાતા ઈન્સ્યુલિન ઈન્જેક્શનની સંખ્યા ઘટીને માત્ર 52 રહી જશે. કંપનીના જણાવ્યા અનુસાર, એવિક્લીનો ઉદ્દેશ્ય ભારતમાં ઈન્સ્યુલિન શરૂ કરવામાં થતા વિલંબને ઓછો કરવાનો છે. નોવો નોર્ડિસ્કનું કહેવું છે કે, દરરોજ ઈન્જેક્શન લેવાનો ડર દર્દીઓમાં ઈન્સ્યુલિન થેરાપી શરૂ કરવામાં સૌથી મોટો અવરોધ છે, જેના કારણે સરેરાશ સાતથી નવ વર્ષનો વિલંબ થાય છે. કંપનીએ 700 યુનિટનું પેક 2611માં લોન્ચ કર્યું છે. એટલે કે તેની કિંમત 3.73 પ્રતિ યુનિટ થશે, જે હાલના દૈનિક બેસલ ઈન્સ્યુલિનની સરખામણીમાં 30થી 40 ટકા સુધી સસ્તું હોવાનું કહેવાય છે.

જો કોઈ દર્દીને રોજ 10 યુનિટ ઈન્સ્યુલિનની જરૂર હોય તો તેને સપ્તાહમાં 70 યુનિટ ઈન્સ્યુલિન લાગશે, જેનો ખર્ચ દર અઠવાડિયે આશરે 261 થશે.

તૃણમૂલના ત્રણ પૂર્વ સાંસદો ભાજપમાં જોડાયા, કલાકોમાં ટિકિટ

સુસ્મિતા દેવ, સુખેન્દુ શેખર રાય અને પ્રકાશ ચિક બડાઈક ગુરુવારે સાંજે ભાજપમાં જોડાયા

રાત સુધીમાં તો તેમને ૨૪ જુલાઇએ યોજાનારી ચૂંટણી માટેના ઉમેદવાર જાહેર કરી દેવાયા

કોલકાતા, તા. 9(PTI): સુસ્મિતા દેવ અને સુખેન્દુ શેખર રાય સહિત તૃણમૂલ કોંગ્રેસના ત્રણ પૂર્વ રાજ્યસભા સાંસદો ગુરુવારે ભાજપમાં જોડાયા હતા. આ જોડાણના ગણતરીના કલાકોમાં જ, ભાજપે તેમને પશ્ચિમ બંગાળથી રાજ્યસભાની પેટાચૂંટણી માટે પોતાના ઉમેદવાર જાહેર કરી દીધા હતા. આ ઘટનાક્રમ આ નેતાઓના રાજકીય પુનર્વસન અને ભૂતપૂર્વ શાસક પક્ષના નેતાઓને પક્ષમાં સામેલ કરવા અંગેની ભાજપની ગણતરીપૂર્વકની વ્યૂહરચના દર્શાવે છે. ભાજપની સેન્ટ્રલ ઈલેક્શન કમિટી એ 24 જુલાઈએ યોજાનારી રાજ્યસભાની પેટાચૂંટણી માટે દેવ, રાય અને પ્રકાશ ચિક બડાઈકના નામોની જાહેરાત ઉમેદવાર તરીકે કરી હતી. ગત મહિને આ ત્રણેય નેતાઓએ ટીએમસી અને રાજ્યસભામાંથી રાજીનામું આપ્યા બાદ ખાલી પડેલી ઉચ્ચ ગૃહની ત્રણ બેઠકો માટે ચૂંટણી પંચે ચૂંટણીની જાહેરાત કરી તેના થોડા જ દિવસો બાદ આ નિર્ણય આવ્યો છે. રાજ્યમાં વિધાનસભા ચૂંટણી જીતીને ભાજપ સત્તા પર આવ્યા બાદ, ટીએમસીના ભૂતપૂર્વ નેતાઓનું ભાજપમાં આ પ્રથમ મોટું જોડાણ છે. આજે સાંજે, રાજ્ય ભાજપ અધ્યક્ષ સમિક ભટ્ટાચાર્યએ સોલ્ટ લેક સ્થિત પક્ષના મુખ્ય મથક ખાતે આ ત્રણેય નેતાઓને વિધિવત રીતે ભાજપમાં સામેલ કર્યા હતા.

પેજ 3

પેરિસ હોટ કુતૂર વીકમાં ઈશા અંબાણી શાનદાર અંદાજમાં જોવા મળી

પેરિસ, તા. ૯ : રિલાયન્સ રિટેલના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર અને ફેશન પારખુ ઈશા અંબાણીએ ૮ જુલાઈના રોજ પ્રતિષ્ઠિત 'પેરિસ હોટ કુતૂર વીક'માં ડિઝાઇનર મનીષ મલ્હોત્રાના ડેબ્યૂ શોમાં હાજરી આપી હતી. સ્વાભાવિક રીતે જ, તેમણે પોતાની શાનદાર ફેશન શૈલી રજૂ કરી હતી. આ ઐતિહાસિક શોકેસ માટે, જેણે ફેશનના સૌથી પ્રખ્યાત વૈશ્વિક મંચોમાંના એક પર ભારતીય કારીગરીની ઉજવણી કરી હતી, અંબાણીએ મનીષ મલ્હોત્રાના પોતાના જ લેબલના મેટાલિક ગોલ્ડ ગાઉનમાં સૌનું ધ્યાન આકર્ષિત કર્યું હતું. આ ચમકદાર પોશાકમાં એક આકર્ષક હલ્ટર નેકલાઇન સાથે શરીરને બંધબેસતું સિલુએટ હતું, જ્યારે તેની શાનદાર ફિનિશિંગે એ સુનિશ્ચિત કર્યું કે જ્યારે તેઓ ફ્રન્ટ રોમાં પોતાની સીટ પર બેઠા ત્યારે દરેકની નજર તેમના પર જ ટકેલી રહે.

હોલિવૂડ ગાયિકા બોની ટાયલરનું 75 વર્ષની વયે નિધન

લિસ્બન, તા. 9: 1980ના દાયકાના સૌથી લોકપ્રિય ગીત માટે જાણીતા ગાયિકા બોની ટાયલરનું 75 વર્ષની વયે અવસાન થયું છે. બોની તેના દમદાર અવાજ માટે જાણીતા હતા. તેના પરિવાર અને ટીમે ફેસબુક પોસ્ટમાં તેના મૃત્યુની પુષ્ટિ કરી છે. પોસ્ટમાં જણાવાયું છે કે, બોની ટાયલરની પોર્ટુગલની એક હોસ્પિટલમાં સારવાર ચાલી રહી હતી, જ્યાં તેમનું બુધવારે રાત્રે અવસાન થયું હતું. મે મહિનામાં તેમની આંતરડાની તાત્કાલિક સર્જરી કરવામાં આવી હતી. હૃદયની સંપૂર્ણ નિષ્ફળતા બાદ તેમને સ્વસ્થ થવામાં મદદ કરવા માટે થોડા સમય માટે કોમામાં રાખવામાં આવ્યા હતા. જ્યારે તેમને કોમામાંથી બહાર લાવવામાં આવ્યા ત્યારે તેમની સ્થિતિ ગંભીર રહી હતી. જેના કારણે તેમને આઈસીયુમાં દાખલ કરવામાં આવ્યા હતા.

ગુરુદ્વારાઓમાં ખુલ્લેઆમ થઈ રહ્યું છે 'સતલુજ'નું સ્ક્રીનિંગ

ચંદીગઢ, તા. 9 દિલજીત દોસાંજની ફિલ્મ 'સતલુજ' એ સોશિયલ મીડિયા પર હોબાળો મચાવી દીધો છે. આ ફિલ્મ જ્યાં ઘણા વર્ષો સુધી રિલીઝ માટે તરસી રહી હતી, તો વળી ઓટીટી પર આવતાંની સાથે જ 48 કલાકમાં ફિલ્મને હટાવવાનો આદેશ આવી ગયો. હવે આ ફિલ્મને જોવાની જીદ દર્શકોમાં વધુ જાગી છે. એવામાં ફિલ્મનું સ્ક્રીનિંગ હવે થિયેટરોથી પરે ધડાધડ થઈ રહ્યું છે. ગુરુદ્વારાઓના લાઉડસ્પીકર્સથી આ ફિલ્મની સ્ક્રીનિંગની જાહેરાત કરવામાં આવી રહી છે. જી હા, ગુરુદ્વારાઓમાં આ ફિલ્મની સ્ક્રીનિંગ થઈ રહી છે. આખા પંજાબમાં ઘણી જગ્યાએ ગુરુદ્વારાઓના લાઉડસ્પીકર્સથી ફિલ્મને બતાવવાની જાહેરાત કરવામાં આવે છે. સાંજ થતાં જ 7 વાગ્યા સુધીમાં લોકો આવવા લાગે છે.

ગુજરાત સરકાર
જળસંપત્તિ વિભાગ.
નિવિદા નં.૦૪, સને ૨૦૨૫-૨૬
પંચાયત સિંચાઇ વિભાગ, વલસાડ.

ગુજરાત રાજ્યના રાજ્યપાલ વતી કાર્યપાલક ઇજનેરશ્રી, પંચાયત સિંચાઇ વિભાગ, વલસાડ ધ્વારા બોર અને મોટર પાઇપલાઇન સોલાર ફેસીલીટીની સુવિધાના કુલ - ૧૧ કામો, જેની અંદાજીત કિંમત રૂ. ૧૫.૫૪ લાખથી રુ. ૪૧.૪૧ લાખ સુધીના માટે ગુજરાત સરકારના માર્ગ અને મકાન વિભાગ, નર્મદા, જળ સંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગમાં માન્ય કક્ષામાં રજીસ્ટ્રેશન ધરાવતા ઈજારદારશ્રીઓ પાસેથી ઓન લાઇન ઇ-ટેન્ડરીંગ સીસ્ટમથી બી-૧ ફોર્મમાં ટેન્ડરો મંગાવવામાં આવે છે. ટેન્ડરો તા.૧૩/૦૭/૨૦૨૬ થી ઓનલાઇન જોઇ શકાશે.

૧. ઓનલાઇન ટેન્ડર સ્વીકારવાની છેલ્લી તારીખ અને સમય	તારીખ:૩૦/૦૭/૨૦૨૬, ૧૮-૦૦ કલાક સુધી.
૨. ફિઝીકલ ડોક્યુમેન્ટ (ટેન્ડર ફી અને બાનાની રકમ) મોકલવાની તારીખ	તારીખ-૦૭/૦૮/૨૦૨૬ સુધી કચેરી સમય દરમ્યાન રજી. પોસ્ટ એ. ડી. /કુરીયર/ સ્પીડ પોસ્ટ દ્વારા (દરેક કામવાર ફરજીયાત અલગ અલગ કવરોમાં ડોક્યુમેન્ટસ મોકલવાના રહેશે.)
૩. ઓનલાઇન આવેલ ટેન્ડર ખોલવાની તારીખ અને સ્થળ	તારીખ:૧૦/૦૮/૨૦૨૫ ૧૨.૦૦ કલાકે કાર્યપાલક ઇજનેરશ્રી, પંચાયત સિંચાઇ વિભાગ, વલસાડ. (ફોન નં.૦૨૬૩૨ ૨૪૪૩૧૪)

આ કામોની વિગતવાર નોટીસ આ કચેરીના નોટીસ બોર્ડ ઉપર તેમજ www.nprocure.com ઉપર જોવા મળશે

કાર્યપાલક ઇજનેર
પંચાયત સિંચાઇ વિભાગ
જિલ્લા પંચાયત વલસાડ.

નં. માહિતી/વલસાડ/૨૪૦/૨૦૨૬

ઓસ્ટ્રેલિયા ભારતને ત્રણ પ્રાચીન કલાકૃતિઓ પરત કરશે

તમિલનાડુની આ સદીઓ જૂની કલાકૃતિઓ ઓસ્ટ્રેલિયાના બે મ્યુઝિયમોમાં રખાયેલી હતી

ભારત પણ ઓસ્ટ્રેલિયાના મૂળ વતનીઓના પૂર્વજના અવશેષો ઓસ્ટ્રેલિયાને પરત કરશે, આ અવશેષો ચેન્નાઇના મ્યુઝિયમમાં છે

મેલબોર્ન, ૯(PTI): તમિલનાડુ મૂળની ત્રણ પ્રાચીન કલાકૃતિઓ, જેમાં પવિત્ર બળદ નંદીની પથ્થરની મૂર્તિ પણ સામેલ છે, તે ઓસ્ટ્રેલિયા દ્વારા ભારતને પરત કરવામાં આવશે, તેમ વિદેશ મંત્રાલયે ગુરુવારે જણાવ્યું હતું.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને તેમના ઓસ્ટ્રેલિયન સમકક્ષ એન્થોની અલ્બેનીઝે ભારતને આ સાંસ્કૃતિક કલાકૃતિઓ સ્વેચ્છાએ પરત કરવાના નિર્ણયને આવકાર્યો હતો. ઓસ્ટ્રેલિયન વડાપ્રધાન કાર્યાલયે જણાવ્યું હતું કે, "ઓસ્ટ્રેલિયન સરકાર ભારત સાથેના મજબૂત સંબંધો અને લોકો વચ્ચેના સંપર્કને આધારે સાંસ્કૃતિક સહયોગને વધુ ગાઢ બનાવી રહી છે.

વિદેશ મંત્રાલયના જણાવ્યા અનુસાર, તમિલનાડુ મૂળની આ કલાકૃતિઓમાં નીચેની વસ્તુઓ સામેલ છે જે ટૂંક સમયમાં ભારત પરત લાવવામાં આવશે:

નંદીની પથ્થરની મૂર્તિ(૧૧મી થી ૧૨મી સદી), ભદ્રકાળીની છબી ધરાવતું ત્રિશૂળ (૧૧મી સદી), પથ્થરમાંથી બનેલી છ માથાવાળી કાર્તિકેયની મૂર્તિ (૧૨મી સદી). વડાપ્રધાન અલ્બેનીઝે ચેન્નાઈના સરકારી મ્યુઝિયમમાં રાખવામાં આવેલા 'ઓસ્ટ્રેલિયન ફર્સ્ટ નેશન્સ' (ઓસ્ટ્રેલિયાના મૂળ વતનીઓ) ના એક પૂર્વજના અવશેષોને પરત કરવાની પ્રક્રિયામાં થયેલી પ્રગતિને પણ આવકારી હતી. આ પૂર્વજના અવશેષો ભારત દ્વારા સ્વેચ્છાએ અને કોઈ પણ શરત વિના તેમના પરંપરાગત સાચવનારાઓને પરત કરવામાં આવશે, તેમ ઓસ્ટ્રેલિયન વડાપ્રધાન કાર્યાલયના નિવેદનમાં જણાવાયું હતું.

ભારત-ઓસ્ટ્રેલિયાના સંબંધો સમજાવવા મોદીએ ક્રિકેટીય ભાષા વાપરી

એક અને એક અગિયાર થાય એમ પણ કહ્યું, ઓસ્ટ્રેલિયામાં વસતા ભારતીય સમુદાયને દૂધમાં સાકર સમાન ગણાવ્યો

મેલબોર્ન, તા. ૯: વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે ક્રિકેટ પ્રત્યેના પરસ્પરના પ્રેમને યાદ કરીને બંને દેશો વચ્ચે ઝડપથી વિસ્તરી રહેલા વ્યૂહાત્મક સંબંધોને સમજાવવા ક્રિકેટીય ભાષાનો ઉપયોગ કર્યો હતો. ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન એન્થોની અલ્બેનીઝ સાથે ઉભા રહીને, ભારતીય વડાપ્રધાન મોદીએ ભારત-ઓસ્ટ્રેલિયા દ્વિપક્ષીય જોડાણોની ગતિ અને ઊંડાણને દર્શાવવા માટે ક્રિકેટના વિવિધ ફોર્મેટની તુલના કરી હતી. મોદીએ ટિપ્પણી કરી હતી કે, આપણે અહીં મેલબોર્નમાં છીએ - જે વિશ્વની રમતગમતની રાજધાની છે - ત્યારે રમતગમત વિશે વાત ન કરવી એ ટોસ થયા પછી ક્રિકેટ મેચ શરૂ ન કરવા જેવું ગણાશે. તેમણે કહ્યું કે, ક્રિકેટ એ ભારત-ઓસ્ટ્રેલિયા સંબંધોની રાજદ્વારી ભાષા છે. તેથી જ આપણી બેઠકો પણ ક્રિકેટ જેવી જ દેખાય છે: એજન્ડા - વન-ડે મેચની જેમ ફોકસ્ડ છે અને નિર્ણયો - ટી૨૦ મેચની જેમ ઝડપી, તથા ભાગીદારી - ટેસ્ટ મેચની જેમ લાંબી અને ઊંડી છે. ડેલિગેશન સ્તરની વાટાઘાટો દરમિયાન, ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન એન્થોની અલ્બેનિસે ટિપ્પણી કરી હતી કે ભારત-ઓસ્ટ્રેલિયાની ભાગીદારી એક વત્તા એક બરાબર બે બનાવે છે. મોદીએ એક લોકપ્રિય હિન્દી કહેવત સાથે તેનો જવાબ આપ્યો: "એક કે બગલ મેં એક દો નહીં હો રહા, એક કે બગલ મેં ગ્યારહ હો રહા હૈ." ઓસ્ટ્રેલિયામાં વસતા ભારતીય સમુદાયને તેમણે દૂધમાં સાકર ભળી જાય તે રીતે અહીં ભળી ગયેલો ગણાવ્યો હતો.

ઈન્ટરપોલે મોટું આંતરરાષ્ટ્રીય સાયબર ગુનાખોરી નેટવર્ક પકડી પાડ્યું

૯૭ દેશોમાં તપાસ પછી ૫,૮૧૧ શંકાસ્પદોની ધરપકડ કરી: ૨૯.૩ કરોડ ડોલરની ગેરકાયદેસર અસ્કયામતો પકડાઇ

જીનીવા, તા. ૯: ઈન્ટરપોલના નેતૃત્વમાં હાથ ધરવામાં આવેલા એક મોટા વૈશ્વિક કાયદા અમલીકરણ ઓપરેશને આંતરરાષ્ટ્રીય સાયબર-સક્ષમ નાણાકીય ગુનાખોરીના નેટવર્કને મોટો ફટકો આપ્યો છે. 'ઓપરેશન ફર્સ્ટ લાઇટ ૨૦૨૬' હેઠળ, ૯૭ દેશો અને પ્રદેશોના સત્તાવાળાઓએ ૫,૮૧૧ શંકાસ્પદોની ધરપકડ કરી છે અને અંદાજે ૨૯.૩ કરોડ યુએસ ડોલરની ગેરકાયદેસર અસ્કયામતો જપ્ત અથવા ફ્રીઝ કરી છે, જે રૂ. ૨,૫૦૦ કરોડથી વધુ સમાન છે. ૧૫ જાન્યુઆરીથી ૩૦ એપ્રિલ, ૨૦૨૬ દરમિયાન ચલાવવામાં આવેલા આ ઓપરેશનમાં સોશિયલ એન્જિનિયરિંગ ફ્રોડ, નેટવર્ક અને તેમને મદદ કરતા મની લોન્ડરિંગના માળખાને તોડી પાડવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. તપાસકર્તાઓએ નોંધ્યું છે કે આ ગુનાઓ હવે વિશ્વભરમાં વ્યક્તિઓ, વ્યવસાયો અને સરકારોને અસર કરતા આંતરરાષ્ટ્રીય સંગઠિત ગુનાના એક મોટા સ્વરૂપમાં ફેરવાઈ ગયા છે.

ઈન્ટરપોલના જણાવ્યા અનુસાર, સોશિયલ એન્જિનિયરિંગમાં સાયબર-સક્ષમ છેતરપિંડીઓની એક વ્યાપક શ્રેણીનો સમાવેશ થાય છે જેમાં ગુનેગારો પીડિતોને છેતરીને સ્વેચ્છાએ નાણાં ટ્રાન્સફર કરવા અથવા ગુપ્ત માહિતી જાહેર કરવા માટે મજબૂર કરે છે. આમાં બિઝનેસ ઈમેઈલ સાથે ચેડાં, રોકાણ કૌભાંડો, રોમાન્સ કૌભાંડો, વેશપલટો કે ખોટી ઓળખ આપીને કરાતી છેતરપિંડી, સેક્સટોર્શન અને અન્ય છેતરપિંડી આધારિત સાયબર ગુનાઓનો સમાવેશ થાય છે. આ કાર્યવાહીમાં શંકાસ્પદ ગુનેગારોના ઠેકાણાઓ પર દરોડા, બેંક ખાતાઓ અને વર્ચ્યુઅલ વોલેટ્સ ફ્રીઝ કરવા, ઈન્ટરપોલ નોટિસ અને ડિફ્યુઝન જાહેર કરવા અને ફિયાટ (પરંપરાગત ચલણ) તેમજ વર્ચ્યુઅલ અસ્કયામતો બંનેને સંડોવતા ગેરકાયદેસર નાણાકીય વ્યવહારોને ઝડપથી રોકવા માટે 'ગ્લોબલ રેપિડ ઈન્ટરવેન્શન ઓફ પેમેન્ટ્સ' મિકેનિઝમનો ઉપયોગ શામેલ હતો.

મહારાષ્ટ્રમાં ભૂકંપના ચાર આંચકાથી ફફડાટ

છત્રપતિ સંભાજીનગર, તા. 9 (PTI) સેન્ટ્રલ મહારાષ્ટ્રના નાંદેડ, હિંગોલી અને પરભણી જિલ્લામાં ગુરુવારે વહેલી સવારે ભૂકંપના ચાર આંચકા આવ્યા બાદ કેટલાય ઘરોને નુકસાન થયું હોવાનું અધિકારીઓએ જણાવ્યું હતું. કોઈને ઈજા થઈ હોવાના અહેવાલ નથી. હિંગોલી જિલ્લામાં લગભગ 105 ઘરોને નુકસાન થયું છે.

વહેલી સવારે 1.37 વાગ્યાથી 3.23 વાગ્યાની વચ્ચે 3.6થી 4.6ની તીવ્રતાના આંચકા નોંધાયા હતા અને તેનું કેન્દ્રબિંદુ હિંગોલી જિલ્લાના વસમત તાલુકાનું શિર્લી ગામ હતું.

હિંગોલીના કલેક્ટર રાહુલ ગુપ્તા, જેમણે અનેક ગામોની મુલાકાત લીધી હતી, તેમણે પીટીઆઈને જણાવ્યું કે ઘરોને નુકસાન થયું છે.

ગુપ્તાએ કહ્યું, "મેં જે ગામોની મુલાકાત લીધી ત્યાં કેટલાક કાચા ઘરોને નુકસાન થયું હતું. પતરાના છાપરા તૂટી પડ્યા હતા, જ્યારે કેટલાક પાકા ઘરોમાં તિરાડો પડી ગઈ હતી." પ્રાથમિક સર્વે મુજબ, જિલ્લાના ઔંઢા નાગનાથ તાલુકામાં 10 ઘરોને આંશિક નુકસાન થયું હતું, જ્યારે વસમત તાલુકામાં 95 ઘરોની દિવાલોમાં તિરાડો પડ્યાના અહેવાલ છે. ઔંઢા નાગનાથ તાલુકામાં, કંજરા ગામમાં બે ઘરો અને આમદરી ગામમાં આઠ ઘરોને આંશિક નુકસાન થયું હતું.

100% સુધીની છૂટ
દાગીનાની ઘડામણ પર
KALAMANDIR
સુવર્ણ મહોત્સવ 4.0
આજનો 22 kt સોનાનો ભાવ
1,32,660/